# આ તો જનમ જનમના ફેરા

આ તો જનમ ... જનમ ... ના ફેરા

આ તો જનમ જનમના ફેરા (૪)

આજ અહીં તો કાલ ન જાણે,

આજ અહીં તો કાલ ન જાણે, ક્યાં પડશે આ ડેરા

આ તો જનમ જનમના ફેરા (૪)

મોંઘો માનવ જન્મ મળ્યો ને, અવસર એવો ખોયો હો ઓ ઓ (૨)

હો ઓ ઓ પ્રભુ ભક્તિ વિસારી દઈને, માયા સંગે મોહ્યો (૨)

ઘડપણમાં પ્રભુ વીર ભજીશું (૨), ખ્યાલ એ મૃગજળ કેરા

આ તો જનમ જનમના ફેરા (૪)

સત્ય અહિંસા સ્નેહ ધર્મનો, દીધો સંદેશો વીરે ... (૨)

માર્ગ એ મહાવીર પ્રભુનો, ભુલાયો ધીરે ધીરે (૨)

તૃષ્ણા મમતા માયા માંહી (૨), ફરતાં ભવ ભવ ફેરા

આ તો જનમ જનમના ફેરા (૪)

પરમ ધર્મનો પુનીત દીવડો, પ્રગટાવો જીવનમાં ... (૨)

હો ઓ ઓ મિલન ઝંખો સદાય વીરનું, ભક્તિ હો તનમનમાં ... (૨)

ભવ ભવ ફેરા મિટાવી દઈને (૨), મોક્ષ તણા એ ડેરા

આ તો જનમ જનમના ફેરા (૪)

આજ અહીં તો કાલ ન જાણે,

આજ અહીં તો કાલ ન જાણે, ક્યાં પડશે આ ડેરા

આ તો જનમ જનમના ફેરા (૬)

- https://www.youtube.com/watch?v=0hiCkvNwrf0